# વિરમગામ નાં મે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વિરમગામ, જિ.અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નંબર – ૩૧૦૭ સને ૨૦૨૫</u>**
**<u>આંક. – ૦૬</u>**

ફરિયાદી – શ્રી સરકાર.

**વિરુધ્ધ**

આરોપી – **કાળુભાઇ માલુભાઇ ઠાકોર**
**રહે. હાંસલપુર ગામ, તા. વિરમગામ જી. અમદાવાદ**

**ગુનો – <u>પ્રોહી કલમ ૮૫, ૬૬ (૧) (બી) મુજબ</u>**

**(૧)** ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે ધી પ્રોહીબીશન એક્ટ ની કલમ ૮૫, ૬૬ (૧) (બી) મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરુધ્ધ તહોમતનામુ ઘડી ત્યારબાદ તે અનુસંધાને આરોપીની પ્લી લેતા ઉપરોક્ત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

**(૨)** સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લીધી. **તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧), જી.એલ.આર. પાના નં – ૭૦૯,** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુન્હાની કબૂલાત આપેલી છે જે તેની સ્વેચ્છાપૂર્વક અને કોઈપણ પ્રારના દબાણ વગર આપેલ છે. વધુમાં કોર્ટ દ્વારા આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી તેવી પણ તેઓને સમજ કરવામાં આવેલ છે, તેમ છતા આરોપી ગુનો કબુલ કરવા માંગે છે. આમ, આરોપીની સ્વેચ્છાપૂર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસ માં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીની કબુલાત ન માનવાને કોઇ કારણ નથી. વધુમા નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તવુ જણાય છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના આરોપી **કાળુભાઇ માલુભાઇ ઠાકોર રહે. હાંસલપુર ગામ, તા. વિરમગામ જી. અમદાવાદ** ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૬૪ અન્વયે **ધી.પ્રોહી. એક્ટની કલમ ૮૫, ૬૬ (૧) (બી)** મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને ગુન્હાના ભંગ બદલ **રૂપિયા ૨૦૦/– ( અંકે રૂપિયા બસ્સો ) નો દંડ** તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે અને જો દંડ ની રકમ ન ભરે તો દિન ૫ (પાંચ ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા. ૧૩ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ રાખવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

સ્થળ:–વિરમગામ.
તા. ૧૩ / ૧૨ / ૨૦૨૫

( કિર્તી શર્મા)
સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વિરમગામ.
Code No. GJ01721